Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૩ મું. આત્મ સં. ૫૦ સંવત ૨૦૦૨.

અંક ૪ થો. કાર્તિક : નવેમ્બર

સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર

પ્રકાશક—

— : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર : —

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતનવર્ષ-મંગળાચરણ. | ( ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી ) | ૪૯ |
| ૨ | નૂતનવર્ષાભિનંદન. | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૫૦ |
| ૩ | કવિ કેમ થવાય ? | ( મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી મ૦ ) | ૫૧ |
| ૪ | વિચારશ્રેણી. | ( આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ ) | ૫૪ |
| ૫ | આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ. | ( શ્રી પુણ્યવિજયજી મ૦-સંવિગ્નપાક્ષિક ) | ૫૬ |
| ૬ | મંત્રીશ્વરો વસ્તુપાળ તેજપાળની સાહિત્ય સેવા. | ( ડુંગરશી ધરમશી સંપટ-કરાંચી ) | ૬૦ |
| ૭ | પ્રાસંગિક સ્ફુરણ. | ( શ્રી ફતેહચંદ ઝવેરભાઇ ) | ૬૧ |
| ૮ | કેટલીક વ્યાખ્યાઓ. | ( રા. ચોકસી ) | ૬૩ |
| ૯ | વર્તમાન સમાચાર. | સભા. | ૬૪ |


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શેઠ છોટાલાલ દેવચંદભાઇ ( કોલકીવાળા ) | ( ૧ ) | મુંબઇ |
| ૨ | શ્રી રસિકલાલ એમ. શાહ ( અમદાવાદ ) | ( ,, ) | ,, |
| ૩ | શેઠ પોપટલાલ મોહનલાલ | ( ,, ) | ,, |
| ૪ | ઝવેરી સેવંતીલાલ ભોગીલાલ ( પાટણ ) | ( ,, ) | વીલેપારલે |
| ૫ | શેઠ ધરમદાસ રુગનાથ ( પોરબંદર ) | ( ,, ) | મુંબઈ |
| ૬ | સંઘવી દીપચંદ લક્ષ્મીચંદ ( શેડુભાર ) | ( ,, ) | ,, |
| ૭ | કોઠારી જીવતલાલ ચન્દ્રભાણ ( રાધનપુર ) | ( ,, ) | મલાડ |
| ૮ | કુસુમગર કાન્તીલાલ હીરાલાલ | ( ,, ) | મુંબઇ |
| ૯ | શાહ રતીલાલ ચત્રભુજ ( ભાવનગર ) | ( ,, ) | મલાડ |
| ૧૦ | શાહ કુમુદચન્દ્ર મૂળજીભાઇ ( માંગરોળવાળા ) | ( ,, ) | મુંબઈ |
| ૧૧ | શાહ મણિલાલ ફુલચંદ | ( ૨ ) | ભાવનગર |
| ૧૨ | શાહ માણેકચંદ પોપટલાલ | ( ,, ) | થાનગઢ |

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

આ સભા તરફથી ઉપરોક્ત સભાસદ સાહેબોને ભેટના ગ્રન્થો છપાઇ તૈયાર થાય છે કે-પ્રથમ તેની જાહેર ખબર **શ્રી આત્માનંદ પ્રકાશમાં** આપી ત્યારબાદ ભેટ મોકલાય છે એ ધોરણ છે. છતાં તરતજ કેટલાક માન્યવર ઉપરોક્ત સભાસદો નવા બીજા ગ્રન્થો ભેટ મંગાવવા સભાને લખે છે, તો તેઓ સાહેબને જણાવવા રજા લઇએ છીએ કે-સભા તરફથી જે જે ભેટના ગ્રન્થો પ્રકટ થાય છે, તે બસેંહ પાના ઉપરાંત અને પાંચસો પાના સુધીના ગ્રન્થો પ્રકટ થાય છે, જે ગ્રન્થો છપાતાં લગભગ ઓછામાં ઓછું એક વર્ષ થાય છે, પછી તેમાં મુકવાના સુંદર ફોટાઓ જેના બ્લોકો ( રંગીન ) મુંબઇથી તૈયાર થઇ આવતા, અને તે પણ છપાતાં બીજા લગભગ ચાર પાંચ માસ થાય છે. વળી બાઇન્ડીન્ગ સુંદર કરાવતાં પણ ત્રણ ચાર માસ બીજા થાય છે. આ બધું આખો ગ્રન્થ છપાયા પછી તૈયાર કરાવવું પડે છે. વળી દરેક ગ્રન્થ બને તેટલો શુદ્ધ કરવા પ્રૂફ જોવા વગેરે કાર્યમાં પણ કેટલોક સમય લાગે છે. વળી એક નહિ પરંતુ બે, ત્રણ કે વધારે ભેટના ગ્રન્થો સાથે પૂરા

( અનુસંધાન ટાઇટલ પાનું ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. કાર્તિક. પુસ્તક ૪૩ મું.

વિક્રમ સં. ૨૦૦૨. :: ઇ. સ. ૧૯૪૫ નવેમ્બર :: અંક ૪ થો.


## નૂતન વર્ષ—મંગલાચરણ.

વસંતતિલકા વૃત.

હે ! અંત્ય તીર્થપતિના સૂત નૂતન વર્ષ, થાજો પસાર વિણુ વિઘ્ન અને સહર્ષ,
પ્રાચીન જૈન મતતણી જ્યોતિપ્રભાઓ, ફરકાવજો ફરીને વિશ્વે ધ્વજાઓ.

**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી**

**ॐ अर्हन्**

રાગ. જોનપુરી-ભોપાલી.

ॐ અર્હન ભગવંત નમોરી ! નમોરી–નમોરી–નમોરી–નમોરી,
ॐ અર્હન ભગવંત નમોરી.
ગગન મંડળ મેં છાઈ બંદલીયાં ! કેવળ ભાનૂ ઉદ્યોત ભયોરી.
ॐ અર્હન. ૧
શત્રુ મિત્ર સમભાવ રહે તું ! ઘટ ઉજાસ ભયોરી.
ॐ અર્હન. ૨
અમૃત સમ વયણા તુજ વરસે ! સ્યાદ્વાદ ઘનઘોર ભયોરી.
ॐ અર્હન. ૩
સાધ્ય સાધનનાં ભેદ કહેતું ! ધ્યાતા ધ્યેય એક તાન ભયોરી.
ॐ અર્હન. ૪
વંદન વૈરાટી પૂજન અર્ચન ! પાલવ તુજ પકર્યોરી.
ॐ અર્હન. ૫

અમદાવાદ
ઝવેરીવાડ
વૈરાટી નિકેતન

**ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ૐ

# નૂતન વર્ષાભિનન્દન.

વસંતતિલકા. હ્રીંકારના મધુર ગુંજન સાથ આવે,
આશીષ ગૌતમતણા વળી સાથ લાવે;
સંસ્કાર સંપદ સમૃદ્ધિ અનંત લાવે,
દીપાવલી સુખદ ભારતમાં પધારે. ૧

મિશ્ર. પદે પદે કુંકુમરાશિ વેરે,
સુહાસ્યથી સંકટ સર્વ નાસે,
સમૃદ્ધિથી ભારતને ભરી દે,
દીપાવલી દીપ અનંત સોહે. ૨

જિનેશ્વરો સિદ્ધ કરે સુકર્મો,
અર્પે નવું ચેતન માનવીમાં,
અર્હત્કૃપાથી પરમેષ્ઠભાવના,
સંસિદ્ધ થાયે જગના જનોની. ૩

વસંતતિલકા. આયુષ્ય દીર્ઘ અતિરમ્ય સમૃદ્ધિ સાથે,
પામે જનો જિન કૃપાથકી ભારતીના,
આ નવ્ય વર્ષ બનજો અતિ ભવ્યભાવી,
સંસ્કાર શાંતિ રસ રેલમછેલ વર્ષો. ૪

શાર્દૂલવિક્રીડિતમ્. ગ્રામ ગ્રામ વિષે ફરી વિલસતો જ્ઞાનાંબુ વર્ષાવતો,
સદ્વિજ્ઞાન વિચારદાન કરતો પ્રજ્ઞા-પ્રભા પ્રેરતો;
સંસ્કારો સૂચવે સદા સુમનસા પૃષ્ઠે ધરી સર્વથા,
**આત્માનંદ પ્રકાશ** આ જગતમાં વિસ્તાર પામે સદા. ૫

રચયિતા:-**મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કવિ કેમ થવાય ?

( ગતાંક પૃષ્ઠ ૪૧ થી શરૂ )

લેખક—મુનિરાજ શ્રી ધુરન્ધરવિજયજી.

કવિત્વ શકિત પ્રાપ્ત થવામાં પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કાર એ બીજું કારણ છે. એથી જ કહેવાય છે કે, 'કવિ જન્મે છે પણ બનતો નથી.' આવા બીજા પ્રકારમાં એવા કવિઓનો સમાવેશ થાય છે, કે જેઓએ આ જન્મમાં કંઇપણ વિશિષ્ટ પ્રયત્નો ન કર્યા હોયને અસાધારણ શકિતનો વિકાસ દેખાતો હોય, તેમને માટે પૂર્વજન્મની સુન્દર આરાધના અને તેથી જ્ઞાનાવરણીયકર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ માનવામાં આવે છે.

( ૧ ) દશ પૂર્વધર શ્રી વજસ્વામિજી મહારાજ, જૈન શાસનના અદ્વિતીય પ્રભાવક થયા, તેમના પ્રતિભા ને પાન્ડિત્ય અપૂર્વ હતાં. શૈશવ–અવસ્થાથી જ તેમની સ્મરણશકિત આશ્ચર્ય પમાડે તેવી હતી.

સુનંદા તેઓશ્રીના માતા ને ધનગિરિજી પિતા. તેઓ ગર્ભમાં હતા ત્યારે જ પિતાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરેલ. જન્મ પામ્યા બાદ પિતાની દીક્ષા સંબન્ધી હકીકત સાંભળી પૂર્વજન્મનું સ્મરણ થયું, જાતિ સ્મરણજ્ઞાન ઉપજ્યું, માતાનો મોહ ઓછો થાય માટે માતાને કંટાળો જ આપવા લાગ્યા. કંટાળેલ માતાએ એક સમય ગોચરી માટે આવેલ પોતાના પૂર્વના સ્વામી મુનિશ્રી ધનગિરિજીને સોંપી દીધા.

સાધ્વીના ઉપાશ્રયે તેમનો ઉછેર કરવામાં આવ્યો. ત્રણ વર્ષની વયમાં પાઠ કરતી સાધ્વીઓનાં શબ્દ સાંભળી અગિયારે અંગો મુખપાઠ કરી લીધાં.

ઘણી નાની ઉંમરમાં તેમને મુનિ બનાવવામાં આવ્યા. અગાધ આગમોના વિચારો આપોઆપ તેમનામાં સ્ફુર્યા. ગુરુ મહારાજ તો સાક્ષિ માત્ર થયાં. એક વખત ગુરુ મહારાજ બહાર પધારેલ ત્યારે બીજા મુનિઓને શાસ્ત્રનું અધ્યયન સુન્દર રીતે કરાવવા લાગ્યા. ગુરુ મહારાજે આવી ગુપ્ત રીતે જોયું ને સાંભળ્યું, ખૂબ ખુશ થઈ નાની વયમાં જ વાચનાચાર્ય બનાવ્યા. આ સર્વ લઘુવયમાં જે બન્યું તેમાં આ જન્મના કંઈપણ વિશિષ્ટ કારણો નથી જણાતાં, તેમાં કારણભૂત પૂર્વજન્મની વિશિષ્ટ આરાધના જ છે.

( ૨ ) જૈન આગમોના ચતુરનુયોગમય વ્યાખ્યાનની વ્યવસ્થા કરનાર પૂર્વધર શ્રી આર્યરક્ષિતજી મહારાજ પણ પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કારો સાથે જ જન્મ્યા હતા.

દશપુર નગરમાં સોમદેવ નામના બ્રાહ્મણ હતા. તેમના સુપુત્ર શ્રી આર્યરક્ષિતજી. બાલ્ય વયમાં તેમની યાદશકિત અપૂર્વ જાણી મહાન્ પન્ડિત બનાવવા માટે તેમને સુન્દર અધ્યયન કરાવવામાં આવ્યું. અતિશય નાની અવસ્થામાં વ્યાકરણ–ન્યાય–વેદાન્ત–મીમાંસા–વેદ–વેદાંગ. વગેરે સર્વ શાસ્ત્રોનો પાર પામ્યા. તેમની પ્રતિભાનો પરિમલ ચોમેર પ્રસર્યો. રાજા અને પ્રજા સર્વને તેમની વિદ્વત્તા માટે સદ્ભાવ પ્રકટ્યો. તે સદ્ભાવ બતાવવા માટે હાથીની અંબાડી પર બેસારી સન્માનપૂર્વક મોટા આડમ્બર સાથે તેમનો નગરપ્રવેશ કરાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો, ને મહામૂલ્યવાળા ભેટણાં તેમને આપવામાં આવ્યા.

જૈન ધર્મના સુન્દર તત્ત્વને સમજનાર માતાને શ્રી:આર્યરક્ષિતજીનું આ વ્યાવહારિક જ્ઞાન આનન્દ આપનાર ન થયું. જે જ્ઞાનથી પોતાની જનેતા પ્રમોદ ન પામે તે શું કામનું? એમ વિચારી માતાના કહેવા પ્રમાણે પૂર્વના અભ્યાસ માટે પુન: તૈયાર થયાં. મુનિ થયાં, પૂર્વ ભણ્યા, આચાર્ય બન્યા અને શાસનના મહાપ્રભાવક નાની ઉમ્મરમાં થયાં. તેઓશ્રીનાં આ સર્વ વિકાસમાં પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કારો હેતુભૂત છે.

(૩) એક સમય હતો કે એક બીજા દર્શનોમાં પરસ્પર વાદ-શાસ્ત્રાર્થ કરનારા પ્રસંગો ઘણા સાંપડતા. તે સમયે પ્રતિભા, સ્વપરદર્શનના શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન અને વાક્પાટવ વગેરે અતિ આવશ્યક અંગ ગણાતાં. વાદી દેવસૂરિજી મહારાજમાં બાલ્યવયમાંથી એ સર્વ સ્વાભાવિક હતાં. તેઓશ્રીનાં ગુરુમહારાજ શ્રી મુનિચન્દ્ર સૂરિજી મહારાજે કર્ણ રાજની :સભામાં એક દિગમ્બર વાદી સાથે શાસ્ત્રાર્થ કરેલ તે સમયે બાલ-દેવાચાર્ય ત્યાં સાથે હતા. શરુઆતમાં થોડો વિનોદ થયો. દિગમ્બર વાદીએ પૂછયું કે-મારી.સાથે કોણ વાદ કરશે? વાદી દેવસૂરિજી મહારાજે કહ્યું કે-**अहम्** ( હું )

દિગમ્બરે પૂછયું-**कस्त्वम्**? (તું કોણ છો ?)
દેવસૂરિજી મ.-**अहं देवः**, ( હું દેવ છું )
દિગમ્બર-**देवः कः** ? ( દેવ કોણ ? )
દેવસૂરિજી મ.-**अहम्** ( હું )
દિગમ્બર-**अहं कः** ? ( હું કોણ ? )
દેવસૂરિજી મ.-:**त्वं श्वा** ( તું કુતરો )
દિગમ્બર-**श्वा कः** ? ( કુતરો કોણ ? )
દેવસૂરિજી મ.-**त्वम्** ( તું )
દિગમ્બર-**त्वं कः**? ( તું કોણ ? )
દેવસૂરિજી મ.-**अहं देवः** ( હું દેવ )

એ પ્રમાણે સવાલ-જવાબના :ચક્રાવામાં નાના દેવે દિગમ્બરને ગુંચવી માર્યો. એટલે ચીડાઇને દિગમ્બરે કહ્યું **तक्रं पीतम्**? ( છાશ પીધી ? ) અર્થાત્ બાળકોને પથ્ય તરીકે દૂધ પીવરાવવામાં આવે ને પુખ્ત વયના માણસોથી જ છાશ પીવાય એટલે તેં છાશ પીધી છે? એવા પ્રશ્નથી હજુ તું બાળક છે, પુખ્ત ઉમ્મરનો નથી એવું સૂચન દિગમ્બરે કર્યું. તેના ઉત્તરમાં દેવસૂરિ મહારાજે કહ્યું **तक्रं तु श्वेतं भवति नतु पीतम्** ( છાશ તો સફેદ હોય છે, પીળી નથી હોતી ) પીત શબ્દનો અર્થ ફેરવીને દિગમ્બરને બનાવ્યો એટલે વધારે ચીડાઇને દિગમ્બર બોલ્યો **नाहं बालेन संभाषयितुमिच्छामि, शिष्टाः समानैः सह स्पर्धन्ते**. ( હું બાળકની સાથે બોલવાને ઇચ્છતો નથી. શિષ્ટ માણસો સરખાની સાથે સ્પર્ધા કરે છે. ) દેવસૂરિ મહારાજે ઉત્તરમાં જણાવ્યું. **बालः कः? बालस्तु द्वेधा भवति नग्नः, अज्ञश्च, नोभयथाऽहं बालः, त्वं तूभयथैव, नग्नस्तु प्रत्यक्षः अज्ञः शास्त्रार्थेन सेत्स्यसि**, ( બાળક કોણ ? બાળક બે પ્રકારના હોય છે એક નગ્ન અને બીજો અજ્ઞ, બેમાંથી કોઇ પ્રકારે હું બાળ નથી ને તું બંને પ્રકારે છો: નગ્ન તો પ્રત્યક્ષ છો અને અજ્ઞ છો એ શાસ્ત્રાર્થવડે સિદ્ધ થશે. )

પછી શ્રીદેવસૂરિજી મહારાજ શાંત રહ્યા. શ્રીમુનિચન્દ્રસૂરિજી મહારાજ સાથે દિગમ્બરનો વાદ થયો ને દિગમ્બર પરાજય પામ્યો. બાલ્યાવસ્થામાં જ વાદી દેવસૂરિજી મહારાજની આવી સુન્દર પ્રતિભા અને વાક્ચાતુરી પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કારોનું જ ફલ મનાય.

(૪) વેદને અનુસરનાર છ દર્શનો છે. તેમાં એક વૈશેષિક દર્શન છે. તેના મૂળ સૂત્રના રચયિતા કણાદ ઋષિ છે. તેના ઉપર શંકરમિશ્ર નામના એક પ્રખર પણ્ડિતે ઉપસ્કાર નામની ટીકા બનાવેલ છે. તે શંકરમિશ્રની વિદ્વત્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પ્રતિભા માટે ઘણી પ્રશંસા સંભળાય છે. બાલ્યવયથી તેનામાં વિશિષ્ટ પ્રજ્ઞાવિકાસ હતો. તે ટૂંક હકીકત આ પ્રમાણે છે.

શંકરમિશ્રના પિતા ભવનાથ શર્મા રાજ્યના મુખ્ય પંડિત હતા. તેમના વિચારો ઘણા જ ઉદાત્ત હતા. તેઓ સમજતા કે રાજ્યલક્ષ્મીથી વિચારશુદ્ધિ નાશ પામે છે. એટલે રાજ પંડિત હોવા છતાં રાજ્યની એક પાઇ પણ પોતે લેતા નહિં. આવા ઉદાર સ્વભાવને લીધે તેમનું રાજ્યમાં સન્માન પણ ઘણું ઊંચું હતું. કારણ પ્રસંગે એક વખત ભવનાથ શર્મા બહાર ગામ ગયેલા. અહિં રાજ્યમાં બહારના કેટલાએક પંડિતો આવેલા તે સમયે રાજપંડિતનું સ્થાન ખાલી રહે એ ઠીક નહિં એટલે તેમના પુત્ર શંકરમિશ્રને બોલાવવામાં આવ્યા. શંકરમિશ્રની ઉમ્મર તે સમયે પૂરી પાંચ વર્ષની પણ ન હતી. પોતાના પિતાના સ્થાને આવી શંકર મિશ્ર બેઠા. ઘણો વિદ્યાવિનોદ ચાલ્યો. તેમાં રાજા તરફથી વેદના '**सहस्रशीर्षापुरुषः, सहस्राक्षः सहस्रपात्**' એ વચનના પાદપૂર્તિ કરવાનું કહેવામાં આવ્યું. તે પૂર્તિ કરવાને બહારના પણ્ડિતોએ પ્રયત્ન કર્યો છતાં સભાને ચમત્કાર પમાડી શકયા નહિં. નાના શંકરે તેની પૂર્તિ કરી સભાને છક કરી દીધી. તે પૂર્તિ નીચે પ્રમાણે હતી.

" **चलितश्चकितच्छन्नः, प्रयाणे तव भूपते ! ॥**
**सहस्रशीर्षापुरुषः, सहस्राक्षः सहस्रपात् ॥१॥**"

'હે રાજન્! (શત્રુઓને જિતવા માટે જ્યારે) તેં પ્રયાણ કર્યું ત્યારે હજાર માથાવાળો પુરુષ શેષનાગ ચલાયમાન થયો. (સેનાનો ભાર સહન ન થવાથી), હજાર આંખવાળો ઇન્દ્ર આશ્ચર્ય પામ્યો. (આ મોટી સેના સાથે કોણ જાય છે ? એમ) સહસ્રકિરણ-સૂર્ય ઢંકાઇ ગયો. (સૈન્યના ચાલવાથી ઊડેલી ધૂળવડે) સાંભળીને રાજા અને પણ્ડિતો આશ્ચર્ય પામી ગયા. રાજાએ એકદમ ખુશી થઇને ખૂબ દાન દીધું. સન્માન તરીકે ગણાતી વિશિષ્ટ ધોતી પણ આપી અને કહ્યું, '**अहो बाल्येऽप्यस्य प्रतिभा !**' (આશ્ચર્ય છે આટલી બાલ્યવયમાં પણ આની આવી પ્રતિભા!) જ્યારે રાજાએ આવું આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે શંકરે જવાબ આપ્યો કે-

" **बालोऽहं जगदानन्द !, न मे बाला सरस्वती ।**
**अप्यूने पञ्चमे वर्षे, वर्णयामि जगत्त्रयम् ॥** "

(હે જગત્‌ને આનન્દ દેનારા રાજન્! હું બાળક છું પણ મારી સરસ્વતી-વિદ્યા બાળક નથી. પૂરા પાંચ વર્ષ પણ મને નથી થયાં છતાં મારી વાણીથી ત્રણ જગત્‌ને વર્ણન કરવા હું સમર્થ છું.)

આવું જે સંભળાય છે તેમાં પૂર્વજન્મના સંસ્કાર જ હેતુભૂત છે.

(૫) દરેકના અનુભવની વાત છે કે-કેટલાએક બાળકોના સંસ્કારો નાનપણથી એટલા સુન્દર હોય છે કે-ભાષા મીઠી બોલતા હોય, જે ગ્રહણ કરાવીએ તે તુરત ગ્રહણ કરી લેતા હોય, જ્યારે કેટલાએક તેથી તદ્દન જુદા પ્રકારના હોય છે. એમાં પૂર્વજન્મના સંસ્કાર સિવાય બીજું પ્રધાન કારણ ન જ મનાય.

એક વખત દક્ષિણમાં આઠ દશ વર્ષની ઉમ્મરનો એક કર્મકરનો છોકરો હતો. ગણિતના વિષયમાં તેની બુદ્ધિ એવી ખીલેલી જણાતી હતી કે આપણને આશ્ચર્ય થાય. ગમે તેટલા રૂ. ની પાઇઓ કે પૈસા કરવાનું તેને પૂછવામાં આવે કે તરતજ તેનો તે સત્ય ઉત્તર આપે કે જે જવાબ બીજા સાધારણ માણસોને કાગળ પેન્સીલથી ગણવો પડે.

આ સર્વે બુદ્ધિશકિતના વિકાસના ઉદાહરણો છે. કવિત્વશકિત બુદ્ધિશકિતનું અંગ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચારશ્રેણી.

લેખક–આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

માનવીને મળેલી અનેક પ્રકારની કુદરતી બક્ષીસોમાંથી અદેખાઇ અને ઘૃણા પણ એક પ્રકારની બક્ષીસ છે, તો તેનો ઉપયોગ પુન્યમાં ન કરતાં પાપમાં કરવો જોઇએ.

માનવીને પાપ કરવું ગમે છે અને પુન્ય ભોગવવું ગમે છે, ખાવું છે કરિયાતું અને મોં કરવું છે મીઠું તે કેમ બની શકે ? જે માનવી પોતાના જીવનમાં મીઠાશ અનુભવી રહ્યા છે તેમણે અવશ્ય સાકર ખાધી હશે જ અને કડવાશ અનુભવનારાએ કરિયાતું ખાધું હશે એ વાત અનુભવસિદ્ધ છે માટે જીવનમાંથી કડવાશ કાઢવી હોય તો સાકર ખાતાં શીખો.

સમભાવ અને શાંતિ જેવી કેટલીક વસ્તુઓ એવી છે કે જેને કુદરત (પ્રારબ્ધ) આપી શકતી નથી; કારણ કે તે તેના ઘરની નથી પણ જીવની ખુદ પોતાની માલિકીની છે. એટલે આત્માને આવી વસ્તુઓ મેળવવાને માટે કુદરતની ઓશિયાળી ભોગવવી પડતી નથી. જે આત્માઓએ સમભાવ અને શાંતિ મેળવ્યાં છે તેમણે કુદરતનો અસહકાર કરીને તેની આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું છે, સંપૂર્ણ સ્વતંત્રતા મેળવવાને માટે તો કુદરતનો સમૂળગો નાશ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અનાદિ કાળથી જીવ મરતો આવ્યો છે. એક ક્ષણ પણ તે મૃત્યુ વગર રહ્યો નથી, મૃત્યુની સીમા ઓળંગાય નહિં ત્યાંસુધી જીવને મુક્તિ મળી શકતી નથી. મૃત્યુથી મુકાવાનું નામ મુક્તિ છે. નિર્વાણભૂમિ સુધી પહોંચ્યા સિવાય મૃત્યુથી છૂટી શકાય તેમ નથી; કારણ કે મૃત્યુની સીમા નિર્વાણભૂમિ સુધી જ છે. ત્યારપછી મૃત્યુને એક ક્ષણ પણ અવકાશ નથી.

વૈરાગ્ય અને અણગમો એ બંનેમાં સ્થૂળ દૃષ્ટિથી કાંઈપણ અંતર જણાતું નથી છતાં બંનેમાં ઘણું જ અંતર છે. વૈરાગ્ય મોહનો ઉપશમ થવાથી થાય છે માટે તે વિકાસ સ્વરૂપ છે ત્યારે અણગમો મોહના ઉદયથી થવાવાળો એક પ્રકારનો વિકાર છે; માટે જ વૈરાગ્ય નિર્જરાનું કારણ છે અને અણગમો કર્મબંધનું કારણ છે. અણગમામાં વિષમ ભાવ છે, આર્તરૌદ્ર ધ્યાન છે અને વૈરાગ્યમાં સમભાવ છે, ધર્મધ્યાન તથા શુક્લધ્યાનની ઉત્તરોત્તર તીવ્રતા છે. વૈરાગ્ય ભાવ વિરલાને જ થાય છે અને ઉદ્વેગ-

---

એટલે કવિત્વશકિતની પ્રાપ્તિ પણ પૂર્વજન્મના સંસ્કારોથી થાય છે. પૂર્વજન્મના સંસ્કારોથી કવિત્વશકિતનો વિકાસ થાય છે. એટલે આ જન્મમાં પણ ગમે તેટલી વયે કવિત્વશકિતના વિકાસને માટે યત્ન કરવામાં આવે ને આ જન્મમાં તે યત્ન સફ્લ ન થાય તો નિરાશ થવાને કંઇ કારણ નથી. આ જન્મના સંસ્કારો જન્માન્તરમાં સાથે જાય છે. ત્યાં જન્મતાંની સાથે જ તેનો ઉદય થાય છે.

એ રીતે કવિત્વશકિતની પ્રાપ્તિનું બીજું કારણ પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કાર છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગર્ભિત અણુગમો ઘણાઓમાં મળી આવે છે કે જેને સ્થૂળદષ્ટિ જીવો વૈરાગ્યના નામથી ઓળખાવે છે. વૈરાગ્યમાં કષાય તથા વિષયના ઉપશમ ભાવની આવશ્યક્તા રહે છે માટે તે જ્ઞાનગર્ભિત છે અને અણુગમો કષાય તથા વિષયના નિમિત્તથી થાય છે એટલે તે દુઃખગર્ભિત છે.

રાગ હોય છે ત્યાંસુધી જ વૈરાગ્ય કહેવાય છે. રાગનો ક્ષય થયા પછી વૈરાગ્ય જેવું કશુંયે રહેતું નથી; કારણ કે રાગ-દ્વેષનો ક્રોધાદિ ચાર કષાયોમાં સમાવેશ થાય છે માટે જ્યાં સુધી સંજ્વલન કષાય હોય ત્યાંસુધી વૈરાગ્ય કહી શકાય પણ તેનો ક્ષય કે ઉપશમ થયા પછી વીતરાગ કહેવાય છે પણ વૈરાગી કહેવાતા નથી માટે જ વૈરાગી અને વીતરાગમાં અંતર છે. સંપૂર્ણ (ક્ષાયિક ભાવે) વીતરાગ થયા પછી પાછા રાગી બની શકતા નથી પણ વૈરાગી પાછા રાગી બની શકે છે.

અલ્પજ્ઞો સાચાનો નિર્ણય કરી શકે નહીં. એક વ્યક્તિએ સાચું માની રાખ્યું હોય તેને તેનાથી વધારે બુદ્ધિવાળો યુક્તિ પ્રયુક્તિથી અસત્ય સિદ્ધ કરી બતાવે છે. તેનાથી વધારે બુદ્ધિશાળી હશે તે તેના કથનને અસિદ્ધ કરી બતાવશે. આમ બુદ્ધિની તારતમ્યતાથી કોઇપણ પારમાર્થિક સત્ય જાણી શકે નહીં. સર્વજ્ઞોના વચનો ઉપર શ્રદ્ધા રાખવાની જરૂરત રહે છે; કારણ કે જ્ઞાન બાધક કર્મો નષ્ટ થવાથી અને વસ્તુ માત્ર પ્રત્યક્ષ થવાથી સર્વજ્ઞોના જાણવામાં અને જણાવવામાં અસત્યનો અંશ પણ હોતો નથી.

સંસારમાં અજ્ઞાની જીવોએ માનેલું સુખ દુઃખ પુન્ય-પાપના ઓળા છે. આત્માના સ્વભાવ-સ્વરૂપ સાચું સુખ કોઈપણ વસ્તુનો ઓળો નથી. તે સ્વતઃ સિદ્ધ અને સ્થિર છે. તેને ભોગવવાને સચેતન કે અચેતન જેવી બીજી કોઇપણ વસ્તુના સંયોગની જરૂરત નથી; માટે જ તે શાશ્વત અને અચળ છે. જે ઓળા સ્વરૂપ સુખ તે અસ્થિર છે; કારણ કે પુન્ય પાપ એક ક્ષણ પણ એક સ્વરૂપે સ્થિર રહી શકતા નથી. દરેક ક્ષણે પરિવર્તન થયા કરે છે એટલા માટે તેના ઓળામાં પણ અસ્થિરતા છે. જે વસ્તુ અસ્થિર છે તેમાં ન્યૂનાધિકતા તથા વિષમતા અનુભવાય છે જેથી કરીને પરિણામે તે વસ્તુનો અભાવ થઈ જાય છે. આત્મસ્વરૂપ વાસ્તવિક સુખમાં આમાંનું કશુંયે હોતું નથી માટે જ તે સાચું અને શાશ્વતું કહેવાય છે.

અજ્ઞાની માનવીઓનો ચોવીસે કલાકનો પ્રયત્ન કેવળ દુઃખના માટે જ હોય છે. જો કે માનવી સુખની શ્રદ્ધાથી જ અનેક પ્રકારના કષ્ટ સહન કરીને પ્રયત્ન કરે છે છતાં અભણ-પણાને લઈને તેમને દુઃખ જ ભોગવવું પડે છે. આવા અણજાણ માણસો સુખને કેવળ નામ માત્રથી જાણે છે; પરંતુ તેને સાચી રીતે ઓળખતા નથી, જેથી કરી તેઓ ઠગાય છે અને પરિણામે સુખ ન મળવાથી નિરાશ થાય છે.

કોઇ પણ કર્મને કોઇ પણ જ્ઞાની પુરુષે સુખ તરીકે ગણ્યું જ નથી. અણજાણ માણસો પોતાના કાયિક, વાચિક તથા માનસિક વ્યાપારથી કેવળ કર્મનો સંગ્રહ કરે છે કે જેને જ્ઞાની પુરુષો દુઃખ કહીને ઓળખાવે છે. જ્યારે કર્મ દુઃખસ્વરૂપ છે તો પછી કર્મનું પરિણામ સુખસ્વરૂપ કેવી રીતે હોઈ શકે ?

છ ખંડનો સ્વામી ચક્રવર્ત્તી તથા ચક્રવર્તી-પણાની ઋદ્ધિ ભુલાવી દઇને લંગોટી માત્ર વસ્ત્રધારી ગલીયોમાં પડેલા એઠવાડમાંથી દાણા વીણી ખાનાર ભીખારીને ઘરેણાં કપડાંથી સુસજ્જિત કરીને તેની પાસેથી સુખ તથા આનંદની આશા રાખીને તેની સેવામાં નિરંતર રહે તો પોતાની મનોકામના સફળ કરી શકતો નથી, તેવી જ રીતે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, જીવન અને અનંત સુખ તથા આનંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનો આધ્યાત્મિક વિકાસક્રમ.

લેખક-**મુનિરાજ શ્રી પુણ્યવિજય.**, ( સંવિજ્ઞપાક્ષિક )

આત્માની શક્તિઓના ક્રમિક વિકાસને ગુણસ્થાન કહે છે. જૈનશાસ્ત્રમાં ગુણસ્થાન એ પારિભાષિક શબ્દની મતલબ આત્મિક શક્તિનો આવિર્ભાવ અર્થાત્ એનું શુદ્ધ કાર્યરૂપમાં પરિણત રહેવાની તરતમ ભાવવાળી અવસ્થાઓ છે. આત્માનું વાસ્તવિક સ્વરૂપ શુદ્ધ ચેતના યા પૂર્ણાનંદમય છે. જ્યાં સુધી આત્માની ઉપર ઘન વાદળાની જેમ તીવ્ર આવરણની ઘટા છવાએલી હોય છે, ત્યાં સુધી એનું અસલી સ્વરૂપ દેખા દેતું નથી. કિન્તુ આવરણો ક્રમશઃ શિથિલ યા નષ્ટ થયે જ એનું અસલી સ્વરૂપ પ્રગટ થાય છે. આવરણોની તીવ્રતા જ્યાં સુધી આખરી હદની હોય છે ત્યાં સુધી આત્મા પ્રાથમિક અવિકસિત અવસ્થામાં હોય છે, અને જ્યારે આવરણ બીલકુલ નષ્ટ થાય છે ત્યારે આત્મા ચરમ અવસ્થા-શુદ્ધ સ્વરૂપની પૂર્ણતામાં વર્તમાન હોય છે. જેમ જેમ આવરણોની તીવ્રતા કમ હોય છે તેમ તેમ આત્મા પ્રાથમિક અવસ્થાને છોડીને ધીમે ધીમે શુદ્ધ સ્વરૂપના લાભ પ્રાપ્ત કરતો ચરમ અવસ્થા તરફ પ્રસ્થાન કરે છે. પ્રસ્થાન વખતે આ બે અવસ્થાની વચમાં એને અનેક નીચી ઊંચી અવસ્થાઓનો અનુભવ

---

રૂપ છ ખંડનો ભોક્તા સાચી સંપત્તિથી પૂર્ણ આત્મા પોતાની સાચી સંપત્તિ વિસારી દઇને પોતાની વિજ્ઞાન સંપત્તિથી સંપત્તિવિહીન જડ વસ્તુઓને સુશોભિત કરી સુખ તથા આનંદની આશાથી જડ તથા જડના વિકારોની સેવામાં વળગ્યો રહે તો તેનાં સુખ તથા આનંદનું દરિદ્ર ટળી શકતું નથી.

ગધેડું સાકરને કડવી કહીને તિરસ્કાર કરે અને ઉંટ લીમડાને મીઠો માની સ્વીકાર કરે તો સાકરની હાનિ કે લીમડાને લાભ મળી શકતો નથી; કારણ કે ગુણીનો તિરસ્કાર અને અવગુણીનો સત્કાર પ્રાણીઓમાં રહેલા અજ્ઞાન-આશ્રિત રાગ-દ્વેષને લઇને થાય છે.

સાકરને પોતાની મીઠાશ સાબિત કરવાને માટે પ્રમાણોની કે સાક્ષીઓની જરૂરત હોતી નથી; પણ સાકર જેવા દેખાતા પથરાને સાકરની પંક્તિમાં ભળવા મીઠાશની સિદ્ધિ માટે પ્રમાણ તથા સાક્ષીઓની જરૂર રહે છે.

જેણે વિકાસની વાટે વળીને આત્મિક ગુણ મેળવ્યા છે તેને પોતાની ઉત્તમતા કે ગુણો સાબિત કરવા અજ્ઞાની જનતાનો આશ્રય લઇ તેની ખુશામદ કરવાની જરૂરત રહેતી નથી; કારણ કે તે પ્રશંસાની પણ ઇચ્છાથી વિરક્ત છે.

અજ્ઞાની જનતાની પ્રશંસા કે સહકાર કેવળ આ ભવમાં જ મિથ્યાભિમાની શ્રીમંતો અને અણજાણ માણસોની પાસેથી પૌદ્ગલિક સુખના સાધન મેળવવામાં તથા મિથ્યાભિમાન પોષવામાં જ ઉપયોગી થાય છે. બાકી તો પુન્ય કર્મ તથા નિર્જરાથી મળનારા સ્વર્ગ તથા મોક્ષના માટે તો અત્યંત નિરુપયોગી છે તેમજ આત્મિક ગુણ મેળવવામાં અત્યંત બાધકર્તા છે. ગુણીને તો જનતાના પ્રમાણપત્રની કે પ્રશંસાની જરાયે જરૂરત નથી. અને જ્યાં જરૂરત જણાય ત્યાં ગુણનો અંશ પણ હોતો નથી; કારણ કે પ્રશંસા મેળવવાની પ્રબળ ઇચ્છા રહેવી તે જ મોટો અવગુણ છે.

ગુણી કહેવડાવી પૌદ્ગલિક સુખ મેળવવા અજ્ઞાની જનતાના સહકાર માટે જેટલો પ્રયાસ કરવામાં આવે છે તેટલો પ્રયાસ ગુણ મેળવવા કરવામાં આવે તો ઉભય લોકનું હિત સાધી શકાય છે. તે પૂર્વ યુગના પરમર્ષિયોના પવિત્ર જીવન ઉપર દૃષ્ટિપાત કરવાથી સ્પષ્ટ જાણી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો પડે છે. પ્રથમ અવસ્થાને અવિકાસની અવસ્થા અથવા અધઃપતનની પરાકાષ્ઠા અને છેલ્લી અવસ્થાને વિકાસ યા ઉત્ક્રાન્તિની પરાકાષ્ઠા સમજવી જોઈએ. આ વિકાસક્રમની મધ્યવર્તિની બધી અવસ્થાઓને અપેક્ષાએ ઉચ્ચ યા નીચ પણ કહી શકાય છે. અર્થાત્ મધ્યવર્તિની કોઈ પણ અવસ્થા ઉપરવાળી અવસ્થાની અપેક્ષાએ નીચ અને નીચેવાળી અવસ્થાની અપેક્ષાએ ઉચ્ચ કહી શકાય છે. વિકાસની તરફ પ્રસ્થાન કરતો આત્મા વસ્તુતઃ ઉક્ત પ્રકારની સંખ્યાતીત આધ્યાત્મિક ભૂમિકાઓનો અનુભવ કરે છે, પરંતુ જૈન શાસ્ત્રમાં સંક્ષેપમાં એનું વર્ગીકરણ કરીને તેના ચૌદ વિભાગ કર્યા છે જે **'ચૌદ ગુણસ્થાન'** કહેવાય છે.

રાગ-દ્વેષના અધ્યવસાયથી મનનો નિગ્રહ કરનારી તેમજ ઐહિક પારલૌકિક અભિલાષાઓનો ત્યાગ કરનારી વ્યક્તિ કર્મ રોકી શકે છે. કર્મના ઉપાદાનમાં હેતુરૂપ એવા પરિણામનો અભાવ તે સંવર કહેવાય છે. આધ્યાત્મિક વિકાસનો ક્રમ આસ્રવનિરોધ યાને સંવરના ક્રમ ઉપર અવલંબિત છે. એથી જેમ જેમ સંવરની માત્રા વધતી જાય, તેમ તેમ ઉચ્ચ ઉચ્ચ ગુણસ્થાન પ્રાપ્ત થતું જાય છે.

તમામ આવરણોમાં મોહનું આવરણ પ્રધાન છે કે જેનાથી રાગ-દ્વેષની ઉત્પત્તિ છે. જ્યાં સુધી મોહ બલવાન અને તીવ્ર હોય ત્યાં સુધી અન્ય તમામ આવરણો બલવાન અને તીવ્ર બનેલા રહે છે. એનાથી વિપરીત મોહ નિર્બલ થયે જ અન્ય આવરણોની એવી જ દશા થઇ જાય છે. અર્થાત્ મોહ નિર્બલ થયે છતે અન્ય આવરણો પણ નિર્બલ બની જાય છે. અતઃ આત્માને વિકાસ કરવામાં મુખ્ય બાધક મોહની પ્રબલતા અને મુખ્ય સ્હાયક મોહની નિર્બલતા સમજવી જોઇએ. એથી કરી ગુણસ્થાનોની વિકાસક્રમગત અવસ્થાઓ, મોહશક્તિની ઉત્કટતા, મન્દતા તથા અભાવ પર અવલંબિત છે.

મોહની પ્રધાન શક્તિઓ બે છે. એમાંથી પહેલી શક્તિ આત્માને દર્શન અર્થાત્ સ્વરૂપ પરરૂપનો નિર્ણય કિંવા જડ-ચેતનનો વિભાગ યા વિવેક કરવા દેતી નથી અને બીજી શક્તિ આત્મા વિવેકને પ્રાપ્ત કર્યે છતે પણ તદનુસાર પ્રવૃત્તિ અર્થાત્ અધ્યાસ પરપરિણતિથી છૂટી સ્વરૂપલાભ કરવા દેતી નથી. વ્યવહારમાં પણ સ્થાન સ્થાન પર એ દેખાય છે કે કોઇ વસ્તુનું યથાર્થ દર્શન યા બોધ કરેથી જ તે તે વસ્તુ મેળવવાની યા ત્યાગવાની ચેષ્ટા હોઇ શકે છે, અને સફલ પણ બને છે. આધ્યાત્મિક વિકાસગામી આત્મા માટે મુખ્ય બે જ કાર્ય છે. પહેલા સ્વરૂપ તથા પરરૂપનું યથાર્થ દર્શન કિંવા ભેદજ્ઞાન કરવું અને બીજું સ્વરૂપમાં સ્થિત રહેવું. એમાંથી પહેલા કાર્યને રોકવાવાલી મોહશક્તિને જૈનશાસ્ત્રમાં **'દર્શનમોહ'** અને બીજા કાર્યને રોકવાવાળી મોહશક્તિને **'ચારિત્રમોહ'** કહેવાય છે. બીજી શક્તિ પહેલી શક્તિની અનુગામિની છે અર્થાત્ પહેલી શક્તિ પ્રબલ હોય છે, ત્યાં સુધી બીજી શક્તિ કદિ પણ નિર્બલ હોતી નથી અને પહેલી શક્તિ મન્દ, મન્દતર અને મન્દતમ હોયે છતે જ બીજી શક્તિ પણ ક્રમશઃ એ જ પ્રમાણે થાય છે. અથવા એક વાર આત્મા, સ્વરૂપ-દર્શન પામે તો ફેર સ્વરૂપલાભ કરવાનો માર્ગ પ્રાપ્ત થાય છે.

અવિકસિત કિંવા સર્વથા અધઃપતિત આત્માની અવસ્થા પ્રથમ ગુણસ્થાન છે. એમાં મોહની ઉક્ત બન્ને શકિતઓ પ્રબલ હોવાના કારણે આત્માની આધ્યાત્મિક સ્થિતિ બીલકુલ નીચી હોય છે. આ ભૂમિકામાં આત્મા ચાહે આધિભૌતિક ઉત્કર્ષ ગમે તેટલો કરી લે પણ એની પ્રવૃત્તિ તાત્ત્વિક લક્ષ્યથી સર્વથા શૂન્ય હોય છે. જેવી રીતે દિશાભ્રમવાળો મનુષ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વને પશ્ચિમ માની ગતિ કરે છે અને પોતાના ઇષ્ટ સ્થાનને નહિ પામતા એનો બધો શ્રમ વૃથા બને છે, તેવી રીતે પ્રથમ ભૂમિકાવાળો આત્મા પરરૂપને સ્વરૂપ સમજી એને મેળવવાને પ્રતિક્ષણ અનુરક્ત રહે છે અને વિપરીત દર્શન યા મિથ્યાદષ્ટિનું કારણ રાગદ્વેષની પ્રબલતાનો શિકાર બનીને તાત્ત્વિક સુખથી વંચિત રહે છે. આ ભૂમિકાને જૈનશાસનમાં '**બહિરાત્મભાવ**' કિંવા '**મિથ્યાદર્શન**' કહેવાય છે. આ ભૂમિકામાં જેટલા આત્મા વર્તમાન હોય છે એ બધાની આધ્યાત્મિક સ્થિતિ એક જ સરખી હોતી નથી. અર્થાત્ બધા ઉપર સામાન્યતઃ મોહની બન્ને શક્તિનું આધિપત્ય હોયે છતે પણ થોડો ઘણો તરતમભાવ અવશ્ય હોય છે. કોઇ પર મોહનો પ્રભાવ ગાઢતમ, કોઇ પર ગાઢતર અને કોઇ પર એનાથી પણ ઓછો હોય છે. વિકાસ કરવો એ આત્માનો પ્રાયઃ સ્વભાવ છે. એથી કરી જ્યારે જાણતા કે અજાણતા આત્મા ઉપરથી મોહનો પ્રભાવ કમ થતો આવે છે ત્યારે કંઇક વિકાસની તરફ અગ્રેસર થાય છે, અને તીવ્રતમ રાગદ્વેષને કંઇક મન્દ કરીને મોહની પ્રથમ શક્તિને છિન્નભિન્ન યોગ્ય આત્મબલ પ્રગટ કરી લે છે. આવી સ્થિતિને જૈનશાસ્ત્રમાં '**ગ્રન્થિભેદ**' કહેવાય છે.

ગ્રન્થિભેદનું કાર્ય અતિવિષમ છે. રાગદ્વેષરૂપ તીવ્રતમ વિષગ્રંથિ એક વાર શિથિલ યા છિન્નભિન્ન થઈ જાય તો બેડો પાર થયો સમજવો, કારણ કે ત્યારબાદ મોહની પ્રધાન શકિત દર્શનમોહને શિથિલ થવામાં વાર લાગતી નથી અને દર્શનમોહ શિથિલ થયો એટલે ચારિત્રમોહની શિથિલતાનો માર્ગ ખુલી જવામાં વાર લાગતી નથી. એક તરફ રાગદ્વેષ પોતાના પૂર્ણ બલનો પ્રયોગ કરે છે અને બીજી તરફ વિકાસોન્મુખ આત્મા પણ રાગદ્વેષના પ્રભાવને કમ કરવાને માટે પોતાના વીર્ય–બલનો પ્રયોગ કરે છે. આ આધ્યાત્મિક યુદ્ધમાં જે માનસિક વિકાર અને આત્માની પ્રતિદ્વન્દ્વતામાં કોઇ એક તો કોઇ બીજો જયલાભ પ્રાપ્ત કરે છે. અનેક આત્માઓ એવા પણ હોય છે કે–ગ્રન્થિભેદ કરવા યોગ્ય બલ પ્રગટ કરીને પણ છેવટે રાગદ્વેષના તીવ્ર પ્રહારોથી આહત બની–હાર ખાઇને પોતાની મૂળ સ્થિતિમાં આવી જાય છે અને અનેક વાર પ્રયત્ન કરવા છતાં પણ રાગદ્વેષ પર જયલાભ પ્રાપ્ત કરી શકતા નથી. ઘણા આત્માઓ એવા પણ હોય છે કે ન તો હાર ખાઇને પાછા ફરે છે અને ન તો જયલાભ પ્રાપ્ત કરે છે, કિન્તુ ચિરકાળ સુધી આધ્યાત્મિક યુદ્ધના મેદાનમાં પડી રહેલા હોય છે. કોઈ કોઈ આત્મા એવા પણ હોય છે કે જે પોતાની શકિતનો યથોચિત પ્રયોગ કરીને આ આધ્યાત્મિક યુદ્ધમાં રાગદ્વેષ પર જયલાભ પ્રાપ્ત કરી લે છે. કોઇ પણ માનસિક વિકારની પ્રતિદ્વન્દ્વતાની આ ત્રણે અવસ્થાઓમાં કદિ હાર ખાઈને પાછા ફરવું, કદિ પ્રતિસ્પર્ધામાં સ્થિર રહેવું અને જયલાભ પ્રાપ્ત કરવો આ અનુભવ દરેકને હોય છે. આજ સંઘર્ષ કહેવાય છે. સંઘર્ષ વિકાસનું કારણ છે. ચાહે વિદ્યા, ચાહે ધન, ચાહે કીર્તિ આદિ કોઇ પણ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાની વખતે અચાનક અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે. અને એની પ્રતિદ્વન્દ્વતામાં ઉક્ત પ્રકારની ત્રણે અવસ્થાઓનો અનુભવ પ્રાયઃ બધાને હોય છે. કોઇ વિદ્યાર્થી, કોઇ ધનાર્થી યા કીર્તિકાંક્ષી જ્યારે પોતાના ઇષ્ટની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરે છે, ત્યારે કાં તો વચમાં અનેક કઠિનતાઓ જોઇને પ્રયત્નને છોડી દે છે યા તો કઠિનતાઓને પાર કરીને ઇષ્ટ પ્રાપ્તિના માર્ગ પર અગ્રેસર થાય છે. જે અગ્રેસર થાય છે તે મોટો વિદ્વાન્, મોટો ધનવાન યા મોટો કીર્તિશાળી બને છે. જે કઠિનતાઓથી ડરીને પાછો ભાગે છે તે પામર, અજ્ઞાની અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કીર્તિહીન બની રહે છે અને જે કઠિનતાઓને ન તો જીતી શકતો કે ન તો હાર ખાઈ પાછો ફરતો તે સાધારણ સ્થિતિમાં જ પડી રહી કોઇ ધ્યાન ખેંચવા યોગ્ય ઉત્કર્ષ યા લાભ પ્રાપ્ત કરી શકતો નથી.

આ ભાવને સમજાવવાને શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આપેલું છે કે-કોઇ ત્રણ પ્રવાસી અમુક નગર તરફ નીકળ્યા છે. ચાલતાં ચાલતાં તેઓ ઉપદ્રવથી ભયંકર અટવીમાં આવી ચડે છે. તેમના આગમનની રાહ જોઇને જ બેસી રહ્યા હોય એમ ચોરો તેમને પકડવા દોડી આવે છે. આ બન્નેને આવતા જોઇને ભયભીત થયેલો એક મનુષ્ય તો સત્વર પોબારા ગણી જાય છે, બીજો માણસ તે ચોરોના પંજામાં સપડાય છે, જ્યારે ત્રીજો પુરુષ તો અસાધારણ પુરુષાર્થ ફોરવીને બે ચોરોને હંફાવી-હરાવી અટવી ઓળંગી ઇષ્ટ નગરે જઇ પહોંચે છે. આ દૃષ્ટાન્તનો ઉપનય એ છે કે-ત્રણ મનુષ્યો તે સંસારી જીવો, ભયંકર અટવી તે સંસાર, બે ચોર તે રાગદ્વેષ, ચોરોનું નિવાસસ્થાન તે ગ્રન્થિદેશ, ચોરોથી બીજો ભાગી જનારો મનુષ્ય તે મલિન અધ્યવસાયના યોગે પાછો દીર્ઘ સ્થિતિવાળા કર્મો બાંધનારો જીવ, ચોરોના પંજામાં સપડાયેલો મનુષ્ય તે ગ્રન્થિદેશમાં રહેલો જીવ કે જે વિશેષ શુદ્ધ પરિણામના અભાવે ગ્રન્થિ ભેદતો નથી તેમજ અવસ્થિત પરિણામી હોવાથી પાછો પણ વળતો નથી. તથા પોતાનું શૂરાતન વાપરી ઇષ્ટ નગરે જઈ પહોંચનાર મનુષ્ય તે કુહાડાની તિક્ષ્ણ ધાર જેવા આગળ કહેવામાં આવનાર અપૂર્વકરણરૂપી અધ્યવસાયે કરી રાગદ્વેષની ગ્રન્થિને ચીરનાર સમ્યક્ત્વ સંપાદન કરનારો ભવ્ય જીવ. આ રીતે માનસિક વિકારોની સાથે આધ્યાત્મિક યુદ્ધ કરવામાં જે જય પરાજય થાય છે તેનો સુંદર ખ્યાલ આ દૃષ્ટાન્તથી આવી શકે તેમ છે.

પ્રથમ ગુણસ્થાને રહેવાવાળા વિકાસગામી એવા પણ આત્માઓ હોય છે કે જેણે રાગ-દ્વેષના તીવ્રતમ વેગને થોડા પણ દબાવેલા હોય છે, પણ મોહની પ્રધાન શકિત અર્થાત્ દર્શનમોહને શિથિલ કરેલી હોતી નથી, એથી કરી તેવા આત્માઓ જો કે આધ્યાત્મિક લક્ષ્ય વિષે સર્વથા અનુકૂલગામી નથી હોતા તો પણ એનો બોધ તથા ચારિત્ર અન્ય અવિકસિત આત્માની અપેક્ષાએ સુંદર હોય છે. આ જીવોને ઇર્ષા દ્વેષ આદિ દોષો બહુ જ થોડો પ્રભાવ પાડી શકે છે અર્થાત્ ઘણા મંદ પડી ગયેલા હોય છે. કેમકે આ જીવોને આત્મકલ્યાણ કરવાની તીવ્ર અભિલાષા હોય છે. એથી કરીને તેઓ સંસારના પ્રપંચથી દૂર રહેવા મથે છે. આમ હોઇને તેઓ નીતિના માર્ગે ચાલે, સત્પુરુષોનો પક્ષપાત કરે તથા સુદેવાદિનું બહુમાન જાળવવા અથાગ પરિશ્રમ આદરે તેમાં નવાઇ નથી. આવા જીવો અધ્યાત્મની પ્રથમ ભૂમિકાવાળા મિત્રાદૃષ્ટિવાન્ અપુનર્બન્ધક હોય છે, એટલે કે જે અવસ્થા દરમીયાન મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ બંધ અટકી જાય એવી અવસ્થાએ તેઓ પહોંચેલા હોય છે. જો કે એવા આત્માઓની આધ્યાત્મિક દૃષ્ટિ સર્વથા આત્મોન્મુખ ન હોવાના કારણે વસ્તુતઃ મિથ્યાદૃષ્ટિ, વિપરીત દૃષ્ટિ વા અસતદૃષ્ટિ કહેવાય છે, તો પણ તે સદ્દૃષ્ટિની સમીપ લઇ જવાવાળી હોવાના કારણે શાસ્ત્રકારે ઉપાદેય માનેલી છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંત્રીશ્વરો વસ્તુપાલ તેજપાલની સાહિત્યસેવા.

લેખક–ડુંગરશી ધરમશી સંપટ–કરાંચી

વસ્તુપાલ, તેજપાલ એ બન્ને ભાઇઓ મોટા અમાત્યો, સેનાધીશો, વેપારીઓ હતાં પરંતુ તેની સાથે તેવા સાહિત્યસેવકો અને સાહિત્યકારોના આશ્રયદાતા હતા. તેમણે અતિ ઉચ્ચ કળા–હુન્નર અને શ્રેષ્ઠ કળારસિકતા દેખાડીને આબુ પર્વત ઉપરના જે જૈન મહા મંદિરની રચના કરી છે. તે એમના માટે માત્ર જૈનોમાં જ નહી પરંતુ આખી ગુજરાતી પ્રજામાં સન્માન ઉત્પન્ન કરે છે. વસ્તુપાલ, તેજપાલ બન્ને ભાઈઓ ગુજરાતના મહાન પુરુષો હતાં.

ધોળકાના વાઘેલા (સોલંકી) સામન્ત વીરધવલને એક સાધારણ જાગીરદારમાંથી વધારીને એમણે એને મહાન ગુજરાતનો સમ્રાટ્ બનાવ્યો. અનેક યુદ્ધોમાં વિજયો આ બન્ને ભાઇઓએ મેળવ્યા. રાજકાજ અને યુદ્ધનીતિમાં કુશળ, આ મંત્રીઓએ કચ્છ, ગોધરા, અનેક દેશો જીતી વાઘેલાનો રાજ્યવિસ્તાર વધાર્યો. એમણે ધર્મકાર્ય માટે કરોડો સોનામ્હોરો છૂટે હાથે વાપરી છે. શત્રુંજય અને ગિરનારના પવિત્ર જૈન મંદિરોના દર્શનાર્થે એણે અનેક સંઘો કાઢ્યાં હતાં. અનેક નવા સુશોભિત મંદિરો બંધાવ્યા હતાં, અને અનેક વ્યાખ્યાન મંદિરો તેણે તૈયાર કર્યાં હતાં. સાધુઓની સેવા પણ એ બંધુઓએ કરી હતી. જીર્ણ જૈન મંદિરોનો પુનરુદ્ધાર કર્યો હતો. ગરીબો અને અશક્તોને અનેક દાનો કર્યાં હતાં. ઘણા તળાવો, કૂવાઓ ખોદાવ્યા હતા. એ બન્ને ભાઇઓમાં અતિશય ધાર્મિક ઉદારતા હતી. શૈવ મંદિર અને દેવી મંદિરો બંધાવવામાં તેઓ આગળ હતાં, મુસલમાનોને મસ્જીદ બંધાવવામાં તેઓએ આર્થિક મદદ મુસલમાનોને આપી હતી. તેઓ બ્રાહ્મણો પાસે વેદ પાઠ પણ કરાવતાં હતાં.

સંવત ૧૨૭૦ માં આ બન્ને બંધુઓ મહામાત્ય થયા. તેમના અનેક શુભ કાર્યો અહિં નોંધ કરવાથી બહુ સમય લે માટે એમની સાહિત્ય પ્રવૃત્તિની નોંધ અત્રે કરી છે.

વસ્તુપાલ વીર અને વિદ્વાન પુરુષ હતાં. વસ્તુપાલ સારા સાહિત્યકાર અને કવિ પણ હતાં. એણે "નરનારાયણાનંદ" નામનું કાવ્ય ૧૬ સર્ગોમાં રચ્યું છે. તેમાં કૃષ્ણ અને અર્જુનની મિત્રતા અને "સુભદ્રાહરણ" વગેરે વિષયો તેમણે તે પુસ્તકમાં વણી લીધા છે. તે સમયના પંડિતો, વસ્તુપાલને "સરસ્વતી-પુત્ર" તરીકે ઓળખતા હતા. આબુની પ્રશસ્તિમાં સોમેશ્વર કવિએ વસ્તુપાલને શ્રેષ્ઠ કવિ તરીકે વર્ણવેલો છે.

કોઇ કવિએ એમને માટે પ્રશંસાના નીચે પ્રમાણે શ્લોકો રચ્યા છે.

**पीयूषादपि पेशलाः शशधरज्योत्स्नाकलापादपि**
**स्वच्छानूतन चूतमंजरि भरादप्युल्लसत्सौरभाः ।**
**वाग्देवी मुखशामसूक्तविशदोद्गारादपि प्रांजलाः**
**केषां न प्रथयन्ती चेतसि मुदं श्रीवस्तुपालोक्तयः ॥**

અમૃતથી પણ વધારે મીઠી, ચંદ્રમાની ચાંદની જેવી શીતળ, આંબાની મંજરી જેવી સુગંધવાળી, અને શારદાદેવી સ્વયં મુખમંડળમાંથી ઝરતી અમૃત જેવી મધુર અને મનોરમ વસ્તુપાલની ઉક્તિઓ કોના ચિત્તમાં આનંદ ન લાવે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# प्रासंगिक स्फुरण.

## શ્રી ફતેહચંદ ઝવેરભાઇ.

એક કુશળ વૈદ્ય પોતાના પુસ્તકમાં દરદીઓ માટે ભિન્ન ભિન્ન દવાઓ પ્રત્યેક વ્યાધિ માટે દર્શાવે છે તેમ શાસ્ત્રકારોએ જ્ઞાન અને ક્રિયા–ઉભયજન્ય અનેક પ્રયોગો શાસ્ત્રમાં દર્શાવેલ છે; અધિકારી પરત્વે કેમ અને રીતે કેવી વર્તવું તે આત્માનું પોતાનું સ્વતંત્ર કર્તવ્ય છે. દૃષ્ટાંત તરીકે એક મનુષ્ય અનેક પુસ્તકો વાંચીને તેમાંથી અનુભવ મેળવી બુદ્ધિમાં ઘણી પ્રગતિ કરે છે; પરંતુ જો શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપરની શ્રદ્ધાથી વિહીન હોય તો પ્રથમ શ્રદ્ધા પ્રાપ્ત કરવા તેણે દર્શનપદ સંગીન કેમ થાય તેના પ્રયત્નો કરવા જોઇએ અને તે માટે પ્રભુ-ભક્તિનો સુયોગ આત્મા સાથે ઓતપ્રોત થવા પ્રયત્નશીલ થવું જોઇએ; તેમજ '**ज्ञानस्य फलं विरतिः**' એ સૂત્રથી પોતાના જ્ઞાનના નિચોડરૂપે કર્તવ્યમાં સક્રિય પ્રવૃત્તિ કરવી જોઇએ. આ રીતે માત્ર બુદ્ધિથી નહિ પણ દર્શન, જ્ઞાન અને ચારિત્રના સુયોગથી જ મુક્તિ સધાય છે.

× × ×

આત્માની પ્રાથમિક અવસ્થામાં ભેદજ્ઞાન છે અને સવિશેષપણે પ્રગતિ પ્રાપ્ત કરવા પછી અભેદ જ્ઞાનની જરૂર છે. દૃષ્ટાંત તરીકે એક જંગલમાં આપણે ગયા હોઈએ તો ત્યાં વૃક્ષ-રૂપે અનેક વૃક્ષો એક જ જાતિનાં ગણાય પરંતુ આંબો, લીંબડો, પીંપળો એ રીતે પૃથક્ પૃથક્ જ્ઞાન પ્રાપ્ત કરવા પછી જ તેના ગુણદોષની

---

વસ્તુપાલ કવિઓનો આશ્રયદાતા હતો. કવિ હરિહરને આશ્રય આપી નૈષધીય કાવ્યની રચના તેણે કરાવી હતી. અને માણિકયચંદ્રની પાસે "કાવ્યપ્રકાશસંકેત" નામના કાવ્યની રચના પણ તેમણે જ કરાવી હતી. જૈન સાધુ નરચંદ્રસૂરિએ વસ્તુપાલની પ્રાર્થનાથી "કથા-રત્નસાગર" નામનું પુસ્તક ૧૫ તરંગોમાં રચ્યું હતું. એ સાધુના શિષ્ય નરેન્દ્રપ્રભે "અલંકારમહોદધી" નામનું પુસ્તક આઠ પ્રકરણમાં વસ્તુપાલની પ્રેરણાથી રચ્યું.

સોમેશ્વર, હરિહર, અરીસીંગ, એના મોટા માનીતા કવિઓ હતાં. અને તે સિવાય દામોદર, નાનક, જયદેવ, મદન, વિકલ, કૃષ્ણસીંગ, શંકરસ્વામી, એવા ઘણાયે કવિઓને આર્થિક મદદ વસ્તુપાલે આપી હતી.

વસ્તુપાલની પ્રશંસા માટે અનેક કાવ્યો કવિઓએ રચ્યાં છે. સોમેશ્વરે સંવત ૧૨૮૨ માં ગુજરાતના સોલંકીઓના ઇતિહાસ સુપ્રસિદ્ધ ગ્રંથ "કીર્તિકૌમુદી" નામક ગ્રંથ રચ્યો હતો. તેમાં વસ્તુપાલનું ચરિત્ર પણ કેટલાક શ્લોકોમાં અપાયું છે. અરીસીંગ કવિએ "સુકૃતસંકીર્તન" નામનું કાવ્ય રચ્યું છે. બીજા ઘણાયે કાવ્યોમાં વસ્તુપાલનું ચરિત્ર આવે છે. આ રીતે આ મંત્રી બંધુઓ, કળારસિક, મુત્સદ્દી, શૂરવીર યોદ્ધાઓ, વિદ્વાન સાહિત્યકારો, અર્થનીતિના જ્ઞાતાઓ, દાનેશ્વરો, અને કળાકૌશલ્ય, હુન્નરની કારીગીરીવાળા સ્થાપત્યોના રચયિતા હતા. એમની મહત્તા અતિ મહાન હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળખાણુ થાય છે; તેમ દરેક દર્શનોની ભિન્નતા પ્રથમ અપેક્ષાવડે જાણુવી જોઇએ અને જેમ જેમ આત્મદષ્ટિ સમન્વય સાધતી જાય તેમ તેમ નયોવડે જુદા જુદા દષ્ટિબિંદુપૂર્વક જ્યાં જ્યાં દર્શન–એકતા થાય ત્યાં ત્યાં સમન્વય કરતાં શીખવાની આવશ્યકતા છે.

× × ×

(૧) અગુરુલઘુ નામકર્મ છે અને તે અતિ ભારે નહિ તેમજ અતિ હલકું નહિ તેવું શરીર પ્રાપ્ત કરવા રૂપ પુણ્ય કર્મ છે (૨) અગુરુલઘુ તે ગોત્રકર્મના અભાવથી સિદ્ધાવસ્થામાં પ્રકટેલો ગુણ છે; નીચ ઉચ્ચપણારૂપે સંસારી અવસ્થામાં આત્માનો જે નિર્દેશ થતો હતો તેમ મુક્તિ પામ્યા પછી બંધ થઈ જાય છે, (૩) અગુરુલઘુ ગુણ પરમાણુ આત્મા અચિત્ત મહાસ્કંધ, અને ચઊફરસી વર્ગણાઓ વિગેરેનો છે. (૪) અગુરુલઘુ એ કેવળજ્ઞાનના પર્યાય છે; શ્રીમદ્ આનંદઘનજી મહારાજે શ્રી પાર્શ્વનાથજીના સ્તવનમાં કહેલું છે કે 'અગુરુલઘુ નિજ ગુણને દેખતાં દ્રવ્ય સકલ દેખંત '– આ રીતે આત્મા કૈવલ્ય પ્રાપ્ત કર્યા પછી–જીવવિપાકી ચાર ઘાતિકર્મોની પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી કેવળજ્ઞાનરૂપ નિર્મળ આયનામાં ત્રિકાલ અવસ્થામાં જગતને પ્રતિબિંબિત થતું જુએ છે અને ઉત્પાદ વ્યય ધ્રુવમય ત્રણે કાળની પરિસ્થિતિ અને પોતાના અગુરુલઘુગુણના પ્રાકટ્યને અંગે જ્ઞેય પદાર્થોને જાણે છે અને જુવે છે.

× × ×

કર્મને શરમ નથી એમ કહેનારાઓ ભૂલતા હોય તેમ લાગે છે. આત્માને કર્મો કરતી વખતે શરમ રહી નહોતી–એ વસ્તુ સત્ય છે; કેમકે આત્માએ પોતે જ મન, વચન કે કાયના યોગોવડે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયોમાં રહી અજ્ઞાનપણે કે જાણુતાં છતાં પણ કર્મનો બંધ કરેલો છે; કર્મો તો જડ છે, જેમ અજીર્ણને વધારનારી કોઇ ચીજ ખવાણા પછી અવશ્ય અજીર્ણ ઉત્પન્ન થાય છે તેમ આત્માએ કરેલાં જડ કર્મો અવશ્ય ઉદયભાવ પામી કર્મ ફળ આપે તેમાં આશ્ચર્યજનક કશું નથી.

× × ×

છદ્મસ્થ મનુષ્યોને ભવિષ્યકાળનું જ્ઞાન ઉપલબ્ધ નથી તે ઉચિત જ છે; કેમકે જો હોય તો અલ્પબુદ્ધિને અંગે ભવિષ્યમાં બનતા બનાવો માટે રાગદ્વેષમાં જલ્દી જોડાઇ જતાં તેની પ્રગતિ થતી નથી; ઘડાઇ ઘડાઈને પ્રગતિ થાય તે સાચી સંગીન પ્રગતિ છે. દષ્ટાંત તરીકે ભૂતકાળનું જ્ઞાન હોય છે ત્યારે ભૂતકાળની સમૃદ્ધિ અથવા દુ:ખો વિચારી વિચારીને મનુષ્ય કેટલા હર્ષ–શોકમાં નિમગ્ન થાય છે ? તેથી જ કુદરતનો કાયદો મનુષ્યની પ્રગતિનો સાધક હોઇ ભવિષ્યત્ જ્ઞાન જ્ઞાનીઓ માટે જ ઘડાઇ ઘડાઇને જેમની પ્રગતિ અનેક જન્મોથી તૈયાર થઈ ગઇ છે તેમને માટે જ પ્રાપ્ત થાય તે ઉચિત જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલીક વ્યાખ્યાઓ

## પ્રકરણાદિકના અભ્યાસીઓને માટે કેટલુંક જાણવા જેવું.

**પ્રમાતા** :—કોઇ પણ વસ્તુનો યુક્તિપુરસ્સર બોધ કરનાર.

**પ્રમેય** :—જે વસ્તુ બોધ કરવા યોગ્ય-જાણવા યોગ્ય હોય તે.

**પ્રમાણ** :—જેનાવડે વસ્તુનો યથાર્થ બોધ થાય તે. સ્વપરનું વિશેષ બોધક જ્ઞાનસ્વરૂપવાળું.

**પ્રમિતિ** :—વસ્તુનો યથાર્થ બોધ. **અન્વય** :—એક વસ્તુની હૈયાતીમાં અન્ય વસ્તુની હૈયાતી.

**વ્યતિરેક** :—એક વસ્તુના અભાવમાં અન્ય વસ્તુનો અભાવ.

**સામાન્ય** :—એકાકારને એક શબ્દથી વાચ્ય એવી પ્રતીતિ તે.

**વિશેષ** :—વિજાતીય પદાર્થથી સર્વથા ભિન્નપણાનું ભાન કરાવનાર તે.

**નિસર્ગ** :—સ્વભાવ, પરિણામ અથવા અપરોપદેશ.

**અધિગમ** :—અભિગમ, આગમ, નિમિત્ત, શ્રવણ કે ઉપદેશ.

**સકામ નિર્જરા** :—તપશ્ચર્યાદિ અનુષ્ઠાનોદ્વારા કર્મોનો ક્ષય કરવો તે.

**અકામ નિર્જરા** :—કર્મનો સ્થિતિકાળ પૂર્ણ થતાં પોતાની મેળે ખરી પડે તે.

**કરણ** :—જીવના વીર્યવિશેષનું નામ. **અપવર્તના**—ઘટાડો.

**અનિકાચિત** :—ફેરફાર થવાના સ્વભાવવાળા વગર ભોગવે છૂટી શકે તેવા.

**નિકાચિત** :—ફેરફાર ન થઇ શકે તેવા. અપવાદે જ્ઞાનપૂર્વક તીવ્રતપશ્ચર્યાદ્વારા ફેરફારની શકયતાવાળા.

**અબાધાકાળ** :—અનુદયકાળ સાગરોપમની સ્થિતિ પ્રમાણે દેવ નરકના આયુમાં ૧૦૦ વર્ષ ગણવા.

**નિષેક કાળ** :—કર્મનો ઉદય સમય યાને અનુભવ સમય.

**ગ્રંથિ** :—રાગદ્વેષના નિબિડ પરિણામરૂપ ગાંઠ. **ઉપમાન**:—બે વસ્તુનું સાદૃશ્ય.

**સમ્યગ્** :—દર્શનના ચિહ્નો-શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા, આસ્તિક્ય-અનુક્રમે પ્રધાનતા અને પશ્ચાનુપૂર્વી ઉત્પત્તિ ક્રમ છે.

## કેટલાંક સ્વરૂપો—

**ભવ્યત્વ** :—ભવ્ય એટલે વહેલો કે મોડો પણ જરૂર મોક્ષે જનાર આત્મા.

**અભવ્ય** :—એટલે જેનામાં મોક્ષે જવાની યોગ્યતા નથી તે આત્મા.

**જાતિભવ્ય** —મોક્ષે જવાની લાયકાત છતાં અનુકૂળ સામગ્રીના અભાવે કદિ પણ મુક્ત નહીં થઇ શકે તેવા આત્મા.

**પુન્ય-પાપચોભંગી** :—પુન્યાનુબંધી પુન્ય જન્માંતરને માટે પુન્ય સંપાદન કરી આપનારૂં પુન્ય.

,, ,, પાપ ,, ,, ,, ઉપાર્જન કરવામાં વચ્ચે નહિ આવનારૂં પાપ.

પાપાનુબંધી પાપ ,, ,, પાપના પોટલા બંધાવનાર પાપ.

,, ,, પુન્ય ,, ,, પાપ સંપાદન કરવામાં કારણભૂત પુન્ય.

**ઉપયોગ** :—**सामान्य वस्तुगोचरं दर्शनम्** પ્રભાનન્દસૂરિકૃત 'લલિતોક્તિ'

**साकारं ज्ञानम्-अनाकारं दर्शनम् ॥** 'તત્ત્વાર્થરાજવાર્તિક'

**यत् सामान्यग्रहणं दर्शनमेतद् विशेषितं ज्ञानम् ।**

**द्वयोरपि नययोः एष प्रत्येकं अथपर्यायः ॥** 'સમ્મતિતર્ક'

| **સાકાર-ઉપયોગ** | **અનાકાર-ઉપયોગ** |
|---|---|
| મતિઅજ્ઞાન મતિજ્ઞાન. | અચક્ષુદર્શન ચક્ષુદર્શન |
| શ્રુત અજ્ઞાન શ્રુતજ્ઞાન | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ૭૬ મી જન્મ જયંતી.

**લુધીઆના** ( પંજાબ )

પૂજ્યપાદ પંજાબકેસરી જૈનાચાર્ય ૧૦૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સાહેબે વિ. સં. ૨૦૦૨ કા. સુ. ૨ શુભ દિવસે ૭૬મા વર્ષમાં પ્રવેશ કરેલ તેના શુભોપલક્ષમાં અત્રે ૭૬મી જન્મ જયંતી તા. ૬ અને ૭-૧૧-૪૫ આમ બે દિવસ અપૂર્વ સમારોહપૂર્વક ઉજવવામાં આવી છે. આ શુભ પ્રસંગ ઉપર પંજાબ મારવાડ આદિના ભાઇ બ્હેનો સારી સંખ્યામાં હાજર થયા હતા.

તા. ૬-૧૧-૪૫ પ્રાતઃકાલ ૯ થી ૧૦ા સુધી પૂજ્યપાદ આચાર્યશ્રીજીનું પ્રભાવશાલી વ્યાખ્યાન થયું હતું અને બપોરના શ્રીજિનમંદિરજીથી ભવ્ય શાનદાર વરઘોડો ચઢાવવામાં આવેલ.

તા. ૭-૧૧-૪૫ પ્રાતઃકાલ ૯ થી ૧૨ સુધી આચાર્યશ્રીજી તથા તેઓશ્રીજીના શિષ્યમંડલની હાજરીમાં એક વિરાટ સભા ભરવામાં આવેલ. તેમાં બહારથી આવેલ વક્તાઓએ અને શાયરોએ આચાર્ય શ્રીજીના જીવનચરિત્ર ઉપર સારો પ્રકાશ પાડેલ. અત્રેના શ્રીસંઘ તરફથી અને લાલા વીરચંદ તરફથી માનપત્ર સમર્પણ કરવામાં આવેલ.

રાતના પણ ૮ થી ૧૨ વાગ્યા સુધી પં. રલીઆરામજીના પ્રમુખપણામાં કવિ-દરબાર ભરવામાં આવ્યો અને આચાર્યશ્રીજીના ગુણગાન કવિઓ તથા શાયરોએ કવિતાઓ અને નજમોદ્વારા કરેલ.

ગરીબોને મીઠા ચાવલ અને સ્વીટર આપવામાં આવેલ. જ્ઞાનપંચમીનું આરાધન સારી રીતે થયું છે.

( મળેલું )

---

**સુધારો**—" ગત વર્ષમાં **સમ્યગ્દર્શન વિષે પ્રકીર્ણ જ્ઞેય**-એ નામનો લેખ પ્રગટ થયેલ છે, તે લેખ દિગંબર પ્રક્રિયાની સાથે કોઇક પ્રકારે વિસંવાદ ધરાવતો હોઇ રદ સમજવો." **લેખક**

# સ્વીકાર સમાલોચના.

૧ **પર્વાધિરાજશ્રી**-પર્યુષણાષ્ટાન્હિકા વ્યાખ્યાન ( શ્રી વિજયલક્ષ્મી સૂરિકૃત ) ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ગ્રંથ ૩૩

૨ **શ્રી પર્વકથા**—આઠ કથાઓ અને પટ્ટાવળી સહિત ( શ્રી વિજયલક્ષ્મી સૂરિકૃત ) ચારિત્ર સ્મારક ગ્રંથમાળા ગ્રંથ ૩૪

પ્રતાકારે મૂળ સુંદર ટાઇપ અને ઊંચા કાગળો ઉપર શુદ્ધ રીતે પ્રકટ થયેલ મુનિરાજશ્રી **દર્શનવિજયજી** ( ત્રિપુટી મુનિરાજો ) તરફથી ભેટ મળ્યા છે. વ્યાખ્યાનકાર તથા અભ્યાસીઓ માટે બહુ જ ઉપયોગી છે.

---

૩ **પ્રથમ કર્મગ્રન્થ:-પદ્ય અનુવાદ સહિત**—આ ગ્રન્થના મૂળ કર્તા શ્રી દેવભદ્રસૂરીશ્વરજી છે. તેના ઉપરથી અનુવાદ સહિત મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજે આ ગ્રન્થની રચના કરી છે. વિવેચન, ટિપ્પણ, કોષ્ટક વગેરે આપેલ છે તેથી અભ્યાસીઓને ઉપયોગી થઇ પડે તેમ છે. દોઢસો પૃષ્ઠની બુકની રૂ. ૦-૬-૦ કિંમત યોગ્ય છે. મળવાનું સ્થળ શ્રી જૈન ગ્રન્થ પ્રકાશક સભા, ફીકા ભટની પોળ-અમદાવાદ.

૪ **વેરાયેલાં ફૂલ**—લેખક શ્રી રાજહંસ. લબ્ધિસૂરીશ્વરજી ગ્રન્થમાળા, ગારીયાધાર કિં. રૂ. ૦-૪-૦

૫ **શ્રીપાળ રાજાનો રાસ આવૃત્તિ ત્રીજી**—પ્રકાશક શ્રીયુત કવિ ભોગીલાલ રતનચંદ કિં. રૂ. ૭-૦-૦

૬ **દેવકુમાર**—ધાર્મિક સામાજિક નવલકથા. લેખક કવિ ભોગીલાલ રતનચંદ કિં. રૂા. ૨-૦-૦

---

| | |
|---|---|
| વિભંગજ્ઞાન અવધિજ્ઞાન | અવધિદર્શન. |
| મનઃપર્યવજ્ઞાન કેવલજ્ઞાન | કેવલદર્શન. |
| **સાકાર પશ્યતા.** | **અનાકારો પશ્યતા.** |

**પલ્યોપમ** :—ગોળાકાર ધાન્યનું પાત્ર તે પલ્ય કહેવાય છે. તેની છે ઉપમા જેને તે પલ્યોપમ.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઈ તૈયાર થાય પછી પ્રથમ જ માસિકમાં તરત જ જાહેર ખબર મૂકી, તરત જ સભ્ય સાહેબોને ( આપ સાહેબોને ) ભેટ મોકલાય છે. ઉપરોક્ત હકીકત માનવંતા સભ્યોએ ધ્યાનમાં રાખી માસિકમાં નવા ગ્રંથો તૈયાર થયાની જાહેર ખબર પ્રકટ થયાં પછી ભેટ મંગાવવા તસ્દી લેવા વિનંતિ છે, આપ ન લખો તો પણ ક્રમસર તૈયાર થશે તેમ તેમ ભેટ આપ સાહેબોને મોકલવામાં આવશે જ; એ નમ્ર સૂચના ધ્યાનમાં લેવા કાયમ માટે વિનંતિ છે.

---

## ગુજરાતી ભાષાના તૈયાર થતાં ગ્રંથો.

### ૧ શ્રી વસુદેવ હિંડી ગ્રંથ. ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર. )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદ્યંતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં તેની રચના થયેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી** મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. સાક્ષરવર્યશ્રી **આનંદશંકર** બાપુભાઈ ધ્રુવ સાહેબે આ સભામાં એક વખત પધારી જણાવ્યું હતું કે—આ ગ્રંથનું મૂળ અને ભાષાંતર શુદ્ધ કરી પ્રગટ કરનાર જે સંસ્થા હશે તેણે ખરી સાહિત્યસેવા કરેલી ગણાશે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. આવા બહુમૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન બંધુ રા. રા. **ભોગીલાલ જ.** સાંડેસરા અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. કોઈ પુણ્યવાન અને સુકૃતની લક્ષ્મી પામેલ જૈન બંધુનું નામ આ ગ્રંથમાં ફોટો અને જીવનચરિત્ર સાથે જોડાય તેમ ઈચ્છીએ છીએ. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી, અનેક જાણવાયોગ્ય વિષયો અને સુંદર કથાઓ આવેલી છે.

આ ઉત્તમોત્તમ અને સર્વમાન્ય ગ્રંથ-સાહિત્યની સેવા કરવાનો પ્રસંગ ભાગ્ય વગર સાંપડતો નથી. સહાય આપનાર બંધુની ઇચ્છા મુજબ આ ગ્રંથનો ઉપયોગ સભા કરી શકશે.

---

## છપાતાં ગુજરાતી ગ્રંથો.

૨ કથારત્નકોષ.
૩ શ્રી સંઘપતિ ચરિત્ર.
૪ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર.
૫ શ્રી મહાવીરદેવના વખતની મહાદેવીઓ.
૬ શ્રી શાંતિનાથ ચરિત્ર.

જે કે છપાઈ રહેતાં શુમારે બે હજાર પાનાનું સુંદર વાંચન થશે. આવી સખ્ત મોંઘવારી છતાં સભા આ ઉત્તમોત્તમ સુંદર સાહિત્યના પ્રકાશનનું કાર્ય ઉદ્દેશ પ્રમાણે કરે છે.

નાં. ૧-૨-૫-૬ માં આર્થિક સહાય આપનાર બંધુઓનું જીવનચરિત્ર ફોટા સાથે આપવામાં આવશે.

---

## ચંદ્રલેખા ચરિત્ર ( સંસ્કૃત ).

ઉપરોક્ત પ્રતાકારે ગ્રંથ પ્રાકૃત સંસ્કૃત ભાષાના અભ્યાસી મુનિ મહારાજાઓને ( બુક પોસ્ટના રૂા. કોઈ જૈન બંધુ મારફત મળેથી ) ભેટ મોકલવામાં આવશે. ભેટ મંગાવનાર મુનિરાજશ્રીએ પોતાના વડિલ ગુરૂરાજની સહી કે પત્રથી મંગાવવા કૃપા કરવી.

---

## જોઇયે છીયે.

આ સભા માટે એક ગ્રેજ્યુએટ, જેમનું સંસ્કૃત જ્ઞાન પણ સારૂં હોય, સભાના સાહિત્ય પ્રકાશનોના પ્રૂફો જોઇ શકે, પત્ર વ્યવહાર કરી શકે તેવો એક હેડ કલાર્ક જોઇયે છીયે. પગાર માસિક રૂા. પચાશથી રૂા. સાઠ. બીજે સ્થળે સરવીસ કરી હોય તેના સર્ટીફીકેટ સાથે લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**
સેક્રેટરીઓ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

## શ્રી તપોરત્ન મહોદધિ ( બીજી આવૃત્તિ. )

આગમો તથા પૂર્વાચાર્યકૃત ગ્રંથોમાંથી સંશોધન કરી ૧૬૨ તપોના નામ, તેની વિધિવિધાન દરેક તપોની ક્રિયાઓ સહિતની તેની હકીકતો ગુજરાતીમાં શાસ્ત્રીય ટાઇપથી પ્રતાકારે શુમારે ૧૭ ફોર્મ શુમારે બશેંહ પેજમાં છપાઇ તૈયાર થઈ ગયેલ છે. જે કારતક વદી ૧૦ ના દીને બહાર પડશે. કિંમત લેઝર પેપરના રૂા. ૨-૮-૦ ગ્લેઝડ પેપરના રૂા. ૨-૦-૦ અગાઉથી પણ કેટલાક ગ્રાહકો થયેલ છે,

---

## દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનોના સુંદર ચરિત્રો.

નીચેના ગુજરાતી ગ્રંથોની માત્ર થોડી કોપીયો સિલકે છે. ફરી તે પણ છપાઇ શકે તેમ નથી, જલદી લાભ લેવા જેવું છે—

૧ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (બીજો ભાગ) રૂા. ૨-૮-૦
૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર રૂા. ૨-૦-૦
૩. શ્રી વિમળનાથ ચરિત્ર રૂા. ૨-૦-૦

---

## સત્ત્વશાળી અને આદર્શ પુરુષ ચરિત્રો.

શ્રી સુમુખ નૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા (સચિત્ર) ૧-૦-૦ શ્રી જૈન નરરત્ન "ભામાશાહ" ૨-૦-૦ શ્રી પૃથ્વીકુમાર ( સુકૃતસાગર ) ચરિત્ર ૧-૦-૦ શ્રી સમરસિંહ ચરિત્ર શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કર્માશાહ ચરિત્ર શત્રુંજયનો સોળમો ઉદ્ધાર ૦-૪-૦ શ્રી કલિંગયુદ્ધ અને મહારાજા ખારવેલ ૦-૧૨-૦ શ્રી વિજયાનંદસૂરિ ૦-૮-૦. દાનપ્રદીપ દરેક ગ્રંથ પ્રભાવશાળી મહાન નરરત્નના ચરિત્ર સાથે ખાસ મનન કરવા જેવા, ઉપદેશક અને સાદી અને સરળ ભાષામાં, સુંદર ટાઇપ, આકર્ષક બાઇન્ડીંગ અને ઉંચા કાગળોમાં પ્રગટ થયેલ છે. પોસ્ટેજ સર્વનું અલગ.

---

શ્રી ચારિત્ર રત્ન ગણિ-વિરચિત—

## શ્રી દાનપ્રદીપ—

પંદરમા સૈકામાં ૬૬૭૫ શ્લોક પ્રમાણ રચેલા આ ગ્રંથનું આ સુંદર અને સરલ ગુજરાતીભાષાંતર છે.

**જિનાગમરૂપી અગ્નિ પાસેથી વિવિધ પ્રકારના અર્થરૂપી તેજને ગ્રહણ કરી જિન શાસનરૂપી ઘરમાં દાનરૂપી દીવાને** પ્રગટ કરવા, આ ગ્રંથની બાર પ્રકાશમાં રચના કરી છે. દાનના અનેક ભેદો-પ્રકારો, તેના આચારોનું વર્ણન અને તે ઉપર દાનવીરોના ઉત્તમ ૪૨ સુંદર મનન કરવા યોગ્ય સુંદર ચરિત્રો-સુંદર કથાઓ સાથે આપવામાં આવેલ છે. સાથે દેશથી અને સર્વથી દયાનું વિવેચન, દાનના ગુણો અને દોષોનું વર્ણન વગેરે હકીકત વિસ્તારથી આપેલ છે. જીવનને સન્માર્ગ-દર્શક, પિતા પેઠે સર્વ ઇચ્છિત આપનાર, માતાની પેઠે સર્વ પીડા દૂર કરનાર, મિત્રના પેઠે હર્ષ વધારનાર, મહા મંગળરુપ, આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત કરનાર, નિર્મળ, સમ્યકૃત્વ, શ્રાવકત્વ, પરમાત્મત્વ પ્રગટ કરાવનાર દેદીપ્યમાન દાનધર્મરુપી દીવો જિન પ્રવચનરુપી ઘરને વિષે ચોતરફ પામી અનેક જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવે છે. એકંદરે આ અપૂર્વ ગ્રંથ નિરંતર પઠન પાઠન કરવા જેવો છે. ૫૦૦ પાનાનો ઉંચા પેપર ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાયેલ છે. કિં. રૂા. ૩-૮-૦ પોટેજ જુદું.

---

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only